ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં સાંજે વાદળો ગોરંભાયા

**વરસાદી વાયરા વચ્ચે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો : ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો : આગામી દિવસોમાં પણ કમોસમી વરસાદની સંભાવના : નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત : જન આરોગ્ય પર વિપરિત અસર**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં લાંબા સમયથી નગરજનો વિચિત્ર મોસમથી



પ્રભાવિત છે. કમોસમી વરસાદના લીધે ગમે ત્યારે મોસમનો મિજાજ બદલાય છે. હવામાનમાં રોજબરોજ નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. શહેરમાં ગઈકાલે ગરમીનો પારો ૩૭ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે આજે પણ સાંજના સમયે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા હતા શહેરમાં ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. ત્રેવડી ૠતુની અસરથી નગરજનો પ્રભાવિત છે. ત્યારે કોરોના કેસ વધવાની સાથે ડેન્ગ્યુ અને સ્વાઈન ફલયુનો પણ ખતરો મંડરાયો છે. આવા સંજોગોમાં આરોગ્યની વિશેષ તકેદારી રાખવી અનિવાર્ય બની છે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી મોસમનો મિજાજ વારંવાર બદલાતો રહે છે. શહેરમાં છાશવારે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવે છે. જેની સાથે આકાશી નઝારો બદલાતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરો ફુંકાય છે. જયારે કયારેક વરસાદી ઝાપટાથી ભીંજારો પ્રવર્તે છે. અગાઉ પણ શહેરમાં ભર ઉનાળે કમોસમી વરસાદ ધોધમાર વરસ્યો હતો. શહેરમાં એક ઈંચ વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. નગરમાં રોજ સાંજે વરસાદી સાંજ નિખરે છે. ઉનાળાની સિઝનમાં દિવસના તાપના અંતે સાંજ પડતા જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. આજે પણ સવારથી વાતાવરણમાં થોડો બદલાવ જોવા મળ્યો હતો જયારે સાંજના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા હતા. જેના લીધે ગમે ત્યારે વરસાદની શકયતા પ્રબળ બની હતી. સાંજના સમયે પવનનુ જોર પણ વધુ રહ્યુ હતુ. જો કે વરસાદી વાદળો પલવારમાં વિખેરાઈ ગયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી ઉનાળાના આગમન બાદ રોજબરોજ વાદળિયુ વાતાવરણ જોવા મળે છે. ઉનાળાની મોસમ હજુ જાણે શરૂ જ ન થઈ હોય તેવી સ્થિતિ છે. ફેબ્રુઆરીના અંતમાં ગરમીનો પારો એકાદ વાર ૪૦ ડીગ્રીની નજીક પહોંચી ગયો હતો. પરંતુ ત્યારબાદ મહત્તમ તાપમાન પણ છેલ્લા ઘણાં દિવસોથી ૩૦ ડીગ્રીની આસપાસ જોવા મળ્યુ હતુ. જો કે ગઈકાલનો દિવસ બાદ કરતા મહત્તમ તાપમાનનો પારો ૩૦ થી ૩૫ ડીગ્રી વચ્ચે જ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૫.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૦.૩ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૪૦ થી ૬૪ વચ્ચે રહ્યુ હતુ. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે આજે ફરીએકવાર મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વર્ષ-૨૦૨૨માં ૨૬૭૩ લગ્નો નોંધાયા

**સૌથી વધુ માર્ચમાં તો સૌથી ઓછા ઓક્ટો.માં નોંધાયા : શહેરમાં કોરોનાના મહામારી પછી એક વર્ષમાં સરેરાશ ૨૨૩ લગ્નો નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ દરમ્યાન ૨૬૭૩ લગ્નોની નોંધણી થઈ છે. સૌથી વધુ લગ્નો માર્ચ મહિનામાં નોંધાયા છે જેની સંખ્યા ૩૦૭ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાની કચેરીમાં લગ્ન નોંધણીને કારણે રૂ. ૪૮,૮૪૨ની આવક થઈ છે. જેમાં રૂ. બે હજારની આવક તો નકલ ફી પેટે થઈ છે.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરીમાં ૨૧૧, ફેબ્રુઆરીમાં ૨૮૫, માર્ચમાં ૩૦૭, એપ્રિલમાં ૨૫૪, મે માં ૨૫૦, જુનમાં ૨૪૪, જુલાઈમાં ૨૨૩, ઓગષ્ટમાં ૧૪૮, સપ્ટેમ્બરમાં ૧૧૪, નવેમ્બરમાં ૧૬૪ અને ડિસેમ્બરમાં ૨૯૩ લગ્નો નોંધાયા છે.

કોરોના મહામારીના બે વર્ષના સમયગાળા બાદ ૨૦૨૨માં લગ્નસરાની મોસમ ખીલી હતી અને શહેરમાં ૨૬૭૩ યુગલો નોંધાયા છે.

શહેરમાં દર મહિને સરેરાશ ૨૨૩ જેટલા લગ્નો નોંધાયા છે.

શહેરમાં માત્ર ઓગષ્ટથી નવેમ્બર મહિનાના ૪ માસનો ગાળો એવો રહ્યો છે જેમાં ૧૧૪ થી ૧૬૪ લગ્નો નોંધાયા છે. ચોમાસાના આ ગાળામાં પણ લગ્નો થયા હતા. ઓક્ટો. મહિનામાં જ સૌથી ઓછા લગ્નો નોંધાયા છે જે માત્ર ૧૧૪ છે. સાત મહિનામાં ૨૧૧ થી લઈ ૨૯૩ લગ્નો નોંધાયા છે. જ્યારે માર્ચ મહિનો એક માત્ર એવો મહિનો છે જેમાં ૩૦૭ લગ્નો નોંધાયા હતા.

# શહેરમાં વધુ ૫ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૭ કેસ

**શહેરમાં વાવોલ-સરગાસણમાંથી બે-બે તેમજ સે. ૨૭માંથી કેસ નોંધાયા, ગાંધીનગર ગ્રામ્યમાં ૪ કેસ અને દહેગામમાં ૩ કેસ : અડાલજના વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૭ કેસ તેમજ શહેરમાં કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક દિવસના વિરામ બાદ આજે વધુ ૭ કેસ નોંધાતા તંત્ર દોડતુ રહ્યુ હતુ. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં થઈ કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી છે.

જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે પણ હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત હોવાથી તંત્રને રાહત જરૂર છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો છુટા છવાયા વિસ્તારોમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી છે પરંતુ તંત્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરી રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પૂર્વપટ્ટી આ વખતે પણ સંવેદનશીલ બની ઉભરી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા સાત કેસમાં દહેગામમાં ૩ અને ગાંધીનગરના ૪ કેસનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરના અડાલજ ગામેથી નોંધાયેલ ૭૦ વર્ષીય વૃદ્ધને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ કેસમાં ૩ મહિલા દર્દી છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે વધુ બે વિદ્યાર્થીના પણ કેસ નોંધાયા છે.

જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ ગામેથી બે મહિલા દર્દીના કેસ નોંધાયા છે. આ ઉપરાંત દહેગામ શહેરમાંથી ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના છાલા, દો. વાસણા, સાદરા વિદ્યાપીઠ અને અડાલજમાંથી કેસ મળેલ છે. અડાલજના દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં ૩૧મીએ ૫૬.૨૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

**કેન્દ્રીય ગૃહમંત્રી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કાર્યક્રમમાં જોડાશે : તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં**

ગાંધીનગર, તા. ૨૯

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૩૧મીએ માણસાના પ્રવાસે જશે. તેઓ અહિ વિવિધ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમોમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈ અને હાજરી આપશે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૫૬.૨૦ કરોડના વિવિધ કામોની ખાતવિધિ અને લોકાર્પણ આ કાર્યક્રમમાં કરવામાં આવશે.

માણસામાં તળાવોના ઈન્ટરલીંકીગ પ્રોજેક્ટ તેમજ ચંદ્રાસર ગામના તળાવના નવીનીકરણ અને ભૂગર્ભ ગટરલાઈનના કામની ખાતવિધિ કરવામાં આવશે. રૂ. ૪૮.૧૩ કરોડના આ કામો થાય છે. મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરીવિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટરના કામો મંજૂર કરવામાં આવ્યા હતા જે નોંધનીય છે.

આ દિવસે માણસા શહેરનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે રૂ. ૮.૦૭ કરોડના ખર્ચે તૈયાર થયો છે તેનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં વિકસીત વસાહતોમાં પાણી વિતરણ સંભાળવાની મનપાની વિચારણા

**ગુડાએ પાણી વિતરણના બિલ પેટે રૂ. ૭૨ લાખની માંગણી કરી : મનપાએ ૩૧ લાખ રૂ. ચુકવ્યા બાકીની રકમ અંગે બન્ને વચ્ચે વિવાદ**

ગાંધીનગર, તા. ૨૯

ગુડા વિસ્તારમાં પાણી વિતરણની જવાબદારી મનપા પોતાના હસ્તક લેવાની વિચારણા કરી રહ્યુ હોવાના સંકેતો મળી રહ્યા છે. આ વિતરણ વ્યવસ્થાના અનુભવ પછી સમગ્ર શહેરમાં પાણી વિતરણની વ્યવસ્થા માટે આગળ વધશે તેમ મનપાના સૂત્રો જણાવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ વર્ષે ગુડાએ તેના વિસ્તારોમાં જે વસાહતો વિકાસ પામી છે ત્યાં પાણી વિતરણના બિલ પેટે રૂ. ૭૨ લાખનું બિલ મનપાને ફટકાર્યુ હતુ.

મનપાએ ગુડા તરફથી મળેલ બિલમાંથી રૂ. ૩૧ લાખ જેટલી રકમ બિલ પેટે ચુકવી આપી છે અને બાકી રહેલ ૪૧ લાખ રૂ. એ નળ જોડાણની ડિપોઝીટ પેટે હોવાથી આપવાનો ઈન્કાર કર્યો છે. આ રકમને લઈ બન્ને સત્તામંડળો વચ્ચે હાલ તો પત્રયુદ્ધ ચાલતુ હોવાનું જાણવા મળેલ છે.

જો કે મનપાએ તેની હદ વધતાં આ વિસ્તારના રહીશો પાસેથી પાણીના બિલો વસુલી શકતુ નથી અને ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક સ્ત્રોતોમાંથી વિતરણ થતુ હોવાથી મનપા તે પણ વસુલી શકતુ નથી.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં ભેળવવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં નર્મદાનું પાણી આપી એક સમાન દરે પાણી વિતરણ કરવાનું આયોજન મનપાની વિચારણામાં છે. આ અંગે હાલ જુદા જુદા તબક્કાઓમાં વાતચીતો ચાલી રહી હોવાનું મનપાના સૂત્રો કબુલી રહ્યા છે.

જો કે સ્પષ્ટ નિર્દેશો અને સંકેતો સૂચવે છે કે ગુડા વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય ગેટ નં. ૨ થી ૩નો રસ્તો આઠ માસ માટે બંધ




ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં મેટ્રો ટ્રેનની કામગીરીને ઝડપી બનાવવામાં આવી છે. આ કામગીરી હવે છ-રોડ પર પોલીસભવન અને વિધાનસભા રોડ પાસે પહોંચી ચૂકી છે. મેટ્રોના નવા ટ્રેકની કામગીરીને પગલે વિધાનસભા ગેટ નં. ૨ થી ગેટ નં. ૩ ની વચ્ચેનો માર્ગ બંધ કરી દેવાયો છે.

ચ-રોડ પર મેટ્રો ટ્રેનની કામગીરી ચાલી રહી છે ત્યારે હવે છ-રોડ પર નવા ટ્રેકની કામગીરીનો પ્રારંભ કરાયો છે. આ કામગીરીને પગલે વધુ એક માર્ગ નાગરિકો માટે બંધ કરવામાં આવ્યો છે. નવા સચિવાલયના ગેટ નં. ૨ થી ૩ની વચ્ચેનો રોડ હાલ તમામ વાહનો માટે બંધ રહેશે. અહીં મેટ્રો રેલ્વે સ્ટેશનનું બાંધકામ કરવામાં આવશે જેના કારણે આગામી આઠ મહિના સુધી તેને બંધ કરી દેવામાં આવ્યો છે. જો કે આ રસ્તો આગોતરી જાણ કર્યા વગર બંધ કરી દેવાતા નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હતા. વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વૈકલ્પિક વ્યવસ્થા તરીકે 'જ' રોડનો ઉપયોગ વાહનચાલકો કરી શકશે.

હાલમાં મોટેરાથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ફેઝ-૨ ની કામગીરી ચાલી રહી છે. ફેઝ-૨ માં ૨૮.૨૫ કિ.મી.ના રૂટમાં મોટેરાથી મહાત્મા મંદિર અને ગીફટસીટી સુધીના બે કોરીડોર તૈયાર થઈ રહ્યા છે. ગાંધીનગરમાં ૨૨ મેટ્રો સ્ટેશન બનશે. હાલ ચ-૨ પાસે મેટ્રો સ્ટેશન બની રહ્યુ છે. જેના પગલે અહીં રસ્તો બંધ છે. હવે વધુ એક રોડ આઠ માસ માટે બંધ કરાયો છે.

# શહેરમાં પાણી ગટરના વેરાની વસુલાત માંડ ૫૦ ટકાએ કામગીરી પહોંચી

**આગામી દિવસોમાં નોટિસ આપી બાકીદારો પાસેથી વેરાની વસુલાત કરાશે**

ગાંધીનગર તા ૨૯

પાટનગર યોજના વિભાગ દ્વારા બિલની રકમ પર ૧૦ ટકા વળતરની જાહેરાત કરાયા પછી પણ રૂપિયા ૨.૨૫ કરોડના માગણા સામે અંદાજિત ૯૪ લાખની વસૂલાત થઈ છે પાણી ગટર વેરાની વસુલાત અન્વયે દર વર્ષે નબળી કામગીરી થાય છે જયારે બાકી માંગણા સામે માંડ ૪૫થી ૫૦ ટકા વસુલાત થાય છે આ વર્ષે પણ વસુલાત ક્ષેત્રે નબળું ચિત્ર ઉપસી આવ્યું છે ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યાના એક દાયકા બાદ પણ ગાંધીનગર શહેર અને આસપાસના શહેરી ગામડાઓમાં પીવાના પાણી પહોંચાડવા સાથે ગટરનું વ્યવસ્થાપન કરવાની જવાબદારી હજુ પાટનગર યોજના ભવનના શીરે છે પાણી શાખા દ્વારા પ્રતિ વર્ષે પાણી અને ગટર વેરાની એડવાન્સ વસૂલાત કરવામાં આવે છે જયારે આ ઝુંબેશ અન્વયે ૩૧મી માર્ચ સુધીમાં વેરાની ચૂકવણી કરનારા ગ્રાહકોને બિલની રકમના ૧૦ ટકા વળતરનો લાભ પણ આપવામાં આવે છે . જયારે ચાલુ વર્ષ ની વસુલાત ઝુંબેશ અન્વયે રૂપિયા ૨.૨૫ કરોડની સામે વિભાગને માત્ર રૂપિયા ૯૪ લાખ જેટલી વસુલાત કરી છે વસુલાત ક્ષેત્રે ૫૦ ટકા કામગીરી માંડ થઈ છે જયારે ગત વર્ષે આ સમયગાળામાં વસુલાતનો આંકડો માંડ ૮૦ લાખ સુધી પહાચ્યો હતો તંત્ર દ્વારા ૨૬ હજાર જેટલા બિલ તૈયાર કરીને દરેક ઘરે પહોંચાડાયા હતાં. સૂત્રોના જણાવ્યા મુજબ વેરાના બિલની વસૂલાત શહેરી વિસ્તારમાંથી મળી રહે છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારમાંથી વપરાશકારો બિલની રકમ ચૂકવવામાં રસ દાખવતા નથી. આ સંજોગોમાં તોતિંગ ખર્ચની સામે મામુલી આવક થતી નહી હોવાથી પાણી અને ગટરનું વ્યવસ્થાપન કરવાનું વિભાગ માટે મુશ્કેલ બન્યું છે ખર્ચને પહોંચી વળવા માટે અન્ય ગ્રાન્ટમાંથી ચૂકવણા કરવા પડે છે. આ વખતે જોકે ઉચ્ચ અધિકારીઓ દ્વારા પાણી શાખાને વસૂલાત માટે કડક કામગીરી હાથ ધરવા પણ જણાવાયું છે જયારે આગામી તારીખ ૩૧મીએ વળતરની તારીખ વિતવા સાથે બાકીદારોને નોટિસો આપવા માટે પણ આગામી દિવસોમાં આયોજન કરાશે.

# સે-૧૫ આઈટીઆઈના નવા બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષી સંકુલમાં નવા શેડ બાંધવાનુ આયોજન

**ચાર માળના બિલ્ડીંગનુ કામ હાથ ધરવા કચેરી સિફટીંગ માટે નવા શેડ બનાવવા ડિઝાઇન તૈયાર કરવા દરખાસ્ત : સંકુલના પાછળના ભાગે શેડ બનાવવા માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે : શેડની કામગીરીના અંતે નવા બિલ્ડીંગનુ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં સે-૧૫ સ્થિત આઈ ટી આઈનુ દાયકાઓ જુનુ બિલ્ડીંગ તોડીને નવુ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આઈ ટી આઈના જુના બ્લોકને તોડીને ચાર માળના નવા બિલ્ડીંગના નિર્માણ માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આઈ ટી આઈના નવા બિલ્ડીંગની કામગીરી હાથ ધરવા માટે કચેરીની કામગીરી સિફટ કરવા નવી જગ્યાની શોધખોળના અંતે હવે હાલના સંકુલમાં જ નવા શેડ બનાવવા પણ નિર્ણય લેવાયો છે. નવા શેડ બાંધવા માટે અંદાજિત ૧ કરોડનો ખર્ચ થશે જયારે શેડને અનુલક્ષી ડિઝાઈન તૈયાર કરવા માટે ડિઝાઈન સર્કલને દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. જેના અંતે ડિઝાઈન આખરી થયા બાદ આગળ પ્રથમ તબક્કામાં શેડ તૈયાર કરવા માટે આખરી આયોજન કરાશે.

શહેરના સે-૧૫ માં આઈ ટી આઈ ના નવા બિલ્ડીંગનુ બાંધકામ હાથ ધરવા માટે લાંબા સમયથી આયોજન કરવામાં આવ્યુ છે દાયકાઓ જુનુ આ બિલ્ડીંગ હવે ઉપયોગમાં લઈ શકાય તેવી હાલતમાં નથી જેને અનુલક્ષી અંદાજિત રૂ ૧૯ કરોડના ખર્ચે નવા ચાર માળના બિલ્ડીંગનુ બાંધકામ હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં તમામ સુવિધાઓ ઉભી કરાશે. જો કે નવા બિલ્ડીંગના નિર્માણની યોજનાને અનુલક્ષી હાલ કાર્યરત આઈ ટી આઈ કચેરીનો કાર્યભાર ચાલુ રાખવા માટે અન્ય જગ્યાની શોધખોળ પણ લાંબા સમયથી ચાલી રહી હતી જો કે અન્ય કોઈ જગ્યાએ ભાડેથી કામ ચલાવવા માટે પણ પ્રયાસોના અંતે હવે આખરે આઈ ટી આઈ બિલ્ડીંગના સંકુલમાં જ કચેરીનુ કામકાજ થઈ શકે તે માટે નવા શેડ બનાવવા માટે આયોજન કરાયુ છે. જયારે નવા શેડ બાંધવા માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નવા શેડના નિર્માણ માટે ડિઝાઈન તૈયાર કરવા માટે વિભાગને દરખાસ્ત સુપ્રત કરી દેવામાં આવી છે. જયારે ડિઝાઈન આખરી થયા બાદ શેડનુ કામ હાથ ધરવામાં આવશે. આઈ ટી આઈનુ બિલ્ડીંગ અંદાજિત ચાર દાયકાથી પણ જુનુ છે દાયકાઓ જુના અને જોખમી બિલ્ડીંગને અનુલક્ષી નવિનીકરણની યોજના હાથ ધરવામાં આવશે. લાંબા સમયના અંતે નવુ બિલ્ડીંગ

● અનુસંધાન પાન-૭ પર



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# સરકારી પ્રા. શાળામાં ૩૦૩ શિક્ષકોની જગ્યા ખાલી છે

**જિલ્લામાં ૨૪ શાળાઓમાં ઓરડાઓની ઘટ છે તો ૫૨ શાળામાં કમ્પાઉન્ડ વોલ નથી**

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય વિધાનસભા અંદાજપત્ર સત્રનો આજે અંતિમ દિવસ હતો. આજે ગૃહમાં ૧૧૬ની બે નોટીસો રજુ થઈ હતી. ગૃહમાં આજે ઓડિટર જનરલનો અહેવાલ વર્ષ ૨૦૨૧-૨૨નો પણ રજુ થયો હતો.

ગૃહમાં આજે પ્રશ્નોત્તરીમાં કૃષિ, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામવિકાસ, શિક્ષણ, આદિજાતિ વિકાસ વિભાગને લગતી પ્રશ્નોત્તરી રજુ થઈ હતી. આજની પ્રશ્નોત્તરીમાં ૯૮ પ્રશ્નો સમાવવામાં આવ્યા હતા.

- **જિલ્લામાં શાળાઓ**

વિજાપુરના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા ૫૭૧, માત્ર માધ્યમિક શાળા ૧, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ૧ તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળા ૧ આવેલી છે.

જિલ્લામાં ગુજરાતી માધ્યમની ગ્રાન્ટેડ શાળાઓ પ્રાથમિક ૩૯, માત્ર માધ્યમિક ૬૧, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ૧૨૧ શાળાઓ આવેલી છે. અંગ્રેજી માધ્યમની ગ્રાન્ટેડ માધ્યમિક શાળા-૫ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-૨ આવેલી છે.

જિલ્લામાં ગુજરાતી માધ્યમની ખાનગી પ્રાથમિક શાળા ૧૮૪, માધ્યમિક શાળા ૮૩, માત્ર ઉચ્ચત્તર મા. શાળા ૮૫ છે. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા ૧૧૯, માધ્યમિક શાળા ૫૩ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ૫૪ આવેલી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં સરકારી પ્રા. શાળામાં ૩૦૩ શિક્ષકોની, ૧ આચાર્યની, ઉ. માધ્યમિક શાળામાં ૨ જગ્યા ખાલી છે.

અંગ્રેજી માધ્યમની એક પણ સરકારી શાળામાં જગ્યા ખાલી નથી.

મંત્રીએ જણાવ્યુ છે કે ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રાથમિક શાળામાં ૫૨, માધ્યમિક શાળામાં ૬૦, ઉ.મા. શાળામાં ૧૩૦ અને આચાર્યની ૮૨ જગ્યાઓ ખાલી છે. મંત્રીએ એમ પણ જણાવ્યુ છે કે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણુંકની જોગવાઈ નથી.

- **ઓરડાની ઘટ**

વિજાપુરના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લાની સરકારી પ્રા. શાળાઓમાં ઓરડાઓની ઘટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૬૦૪ સરકારી પ્રા. શાળાઓ છે. જે પૈકી ૨૪ શાળાઓમાં ઓરડાની ઘટ છે અને ૫૨ શાળામાં કમ્પાઉન્ડ વોલ નથી.

મંત્રીએ જણાવ્યુ છે કે આ સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉભી કરી દેવામાં આવશે.

- **અને છેલ્લે...**

રાજ્યની ૯૦૬ પ્રા. શાળામાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતા હોવાનું કોંગીના ઈમરાન ખેડાવાલાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com